# ઉત્તર ગુજરાતમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ, ૨૪ કલાકમાં ૨૩ નાં મોત, ૯૧૦૦ લોકો સંક્રમિત

## અનેક સ્મશાન ગૃહોમાં સગળા પીગળ્યા, બિનસત્તાવાર મૃત્યુ આંક ૫૫ ને પાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૪ કલાક દરમ્યાન કોરોનાનું વિકરાળ સ્વરૂપ સામે આવ્યું છે. ૨૪ કલાકમાં કોરોનાથી ચેપગ્રસ્ત ૨૩ લોકોના મોત નિપજ્યાનું રાજ્યના આરોગ્ય વિભાગે જાહેર કર્યું છે. ૯૧૮૧ લોકો સંક્રમિત થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા મૃત્યુના આંકડા છૂપાવાતા હોવાના ગંભીર આક્ષેપ છે ત્યારે જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના અનેક સ્મશાન ગૃહોમાં સતત લાશો સળગાવવાના કારણે સગળા પીગળવા લાગી છે. બિનસત્તાવાર મૃત્યુ આંક ૫૫ ને આંબી ગયો છે.

સાઠંબા થી વાવ-સાંતલપુર સુધીના વિસ્તારોમાં સરકારી કોવિડ અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેકશનની અછતથી કણસતા જોવા મળ્યા છે. તંત્ર જાણે કે દીશાહીન બન્યું હોય તેવી સ્થિતિ છે. પ્રાણવાયુ(ઓક્સિજન)ના કારણે દર્દીઓનું મોટા પ્રમાણમાં મરવું તે ગુજરાતની કમનસીબી ગણાય કારણ કે પ્રાણવાયુના ઉત્પાદનમાં ગુજરાત અગ્રહરોળમાં છે છતાં આવી સ્થિતિ માટે જવાબદાર કોણ..?? દુનિયામાં ભારતની વિકટ સ્થિતિ બાબતે હુ સંસ્થાએ પણ ચિંતા વ્યક્ત કરી છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજનની અછતના કારણે દર્દીઓ દમ તોડી રહ્યા છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં પૂરતા પ્રમાણમાં તંત્ર ઓક્સિજન પુરૂ પાડી શકતુ ન હોય તો ખાનગી હોસ્પિટલોમાં તેનાથી બદત્તર સ્થિતિ નિર્માણ પામી છે. ઉત્તર ગુજરાતના ખાનગી તબીબોને પણ કોરોનાગ્રસ્ત દર્દીઓને બચાવવા છે પરંતુ જરૂરી એવો ઓક્સિજન અને લાઈફસેવિંગ દવાની અછતે તેમને મજબૂર કરી દીધા છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લા પૈકી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઓક્સિજન અને રેમડેસિવિરના જથ્થાની ઓછી ફાળવણી ફરી એકવાર નબળી નેતાગીરી સામે આંગળી ચિંધવા માટે પ્રજાને મજબૂર કર્યા છે. ઉત્તર ગુજરાતના મોટાભાગના શહેરી વિસ્તારોમાં સ્વયંભૂ અને આંશિક લૉકડાઉન છતાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ અંકુશમાં આવવાના બદલે વધુ બેકાબુ બની ગયું છે. પ્રજા છેલ્લા ૪-૫ દિવસથી મોટાભાગે ઘરમાં પુરાઈ રહી છે છતાં કોરોના સંક્રમિત કેસમાં ભયંકર ઉછાળો આવ્યો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૬ જણનાં મોત નિપજ્યાં છે. બનાસકાંઠામાં ૫ અને અરવલ્લી, મહેસાણા અને પાટણ જિલ્લામાં ૪-૪ કોરોનાગ્રસ્ત દર્દીઓના મોત નિપજ્યા છે. જ્યારે મહેસાણામાં સૌથી વધુ ૪૩૮૩ લોકો સંક્રમિત થયા છે. ત્યારબાદ પાટણ ૧૬૦૦, સાબરકાંઠા ૧૨૩૩, બનાસકાંઠા ૧૩૦૦ અને અરવલ્લીમાં સૌથી ઓછો ૬૬૫ લોકો સંક્રમિત થયાનું જણાવાયું છે.

## મોતનો ભય : ઉત્તર ગુજરાતમાં સરકારી દવાખાનામાં એન્ટિજન્ટ ટેસ્ટ માટે ભીડ, સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાયું




બાયડ : ઉત્તર ગુજરાતમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ સામે આવ્યું છે. કોરોના દરરોજ સરેરાશ સરકારી દફતરે ૫ જિલ્લામાં ૨૦ થી વધુ લોકોને ભરખી રહ્યો છે. કોરોનાનો ચેપ સાઈક્યાટ્રીટ બિમારી હોય તેમ એક પછી એક પરિવારના બધા સભ્યો તેમાં લપેટાઈ રહ્યા છે. મોતનો ભય હાવિ થતાં ઉત્તર ગુજરાતની પ્રજા સરકારી દવાખાનામાં એન્ટિજન્ટ ટેસ્ટ માટે સવારથી જ લાઈનમાં આવી જાય છે. મોટાભાગના સરકારી દવાખાનામાં એન્ટિજન્ટ ટેસ્ટ માટે ભીડ ખડકાય છે. સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાઈ રહ્યું છે લાગે છે કે સરકારી દવાખાનાં અને હોસ્પિટલો કોરોના સંક્રમણનું મુખ્ય કારણ બની રહ્યું છે.

# કોરોનાનું ભયાનક સ્વરૂપ : જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં લગ્નના અવસર જેવી વાહનોની ભીડ, રેમડેસિવિર ઈન્જેક્શનનું બ્લેકમાં વેચાણ

## હોસ્પિટલની બહાર અને પ્રાઈવેટ વાહનોમાં કણસતા દર્દીઓ અને તેમના સગા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

જિલ્લામાં કોરોનાનું ભયાનક સ્વરૂપ સામે આવી રહ્યું છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારના સ્મશાન ગૃહોમાં મડદાં અવિરત સળગતાં રેમડેસિવિર ઈન્જેક્શન નથી પરંતુ મોડાસા, બાયડ, હિંમતનગર સહિતના અનેક વિસ્તારોમાં રેમડેસિવિર ઈન્જેક્શનનું બ્લેકમાં વેચાણ થઈ રહ્યું છે. હોસ્પિટલની એક સમયે લગ્ન સહિત શુભ સમારંભોમાં વાહનોમાં ખડકલો જામતો હતો તેવો ખડકલો હવે કોરોનાના મહાપ્રકોપથી હોસ્પિટલો આગળ જોવા મળ્યો છે.



હોસ્પિટલમાં ઓક્સિજન વગરના બેડ ખાલી છે. ખાનગી હોસ્પિટલમાં બેડ મળે તો નસીબ કાં તો કોઈ મોટા આગેવાન કે ડૉક્ટરના સબંધીની ઓળખાણ લાવો તો બેડ મળે અને બેડ ન મળે મળ્યો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં ઓક્સિજનની અછત સામે આવી. ઓક્સિજનના અભાવે કેટલાક દર્દીઓની હાલત વધુ બગડી હતી તે પૈકી ૭ થી વધુના

હોવાના ભયાનક દ્રશ્યો જોઈ કેટલાય લોકો બિમાર થયા છે. જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં લગ્નના અવસર જેવી ભીડ દેખાઈ. તંત્ર ભલે કહેતું હોય કે બહાર અને વાહનોમાં કણસતા દર્દીઓ અને તેમના સગાઓનો ચિત્કાર સાંભળી આટલી હદે આરોગ્ય સેવાઓ ખાડે જશે તેની કોઈએ કલ્પનાય કરી નહીં હોય.

વહેલી પરોઢથી માંડી રાત સુધી કોરોના દર્દીઓને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જતા સ્વજનો અત્યંત લાચાર અવસ્થામાં જોવા મળે છે. સરકારી કોવિડ તો ખુલ્લી લાંબીમાં સારવાર શરૂ થઈ જાય છે પરંતુ એકંદરે દર્દીનો જીવ બચાવવાના પ્રયાસ થાય છે તે બિરદાવવા જોઈએ. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના મેડીકલ સેન્ટરો તરીકે ઉભરતા વિસ્તારોમાં કોરોનાના વધતા સંક્રમણના કારણે સ્વયંભૂ લૉકડાઉન અમલી બન્યું છે. બજારો બંધ છે પરંતુ હોસ્પિટલો સતત દર્દીઓ અને તેના સગાઓથી ધમધમતી હોવાથી આંશિક લૉકડાઉન જેવો માહોલ જોવા મોત નિપજ્યાની આશંકા છે. કોરોનાનું ભયંકર સ્વરૂપ જેને નિહાળ્યું છે તે ઘરની બહાર કામ વગર નહીં નિકળે પરંતુ જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ લઈને આવતા વાહનોની ભીડ ઘણું બધું કહી જાય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાનું વહીવટી તંત્ર તમામ મોરચે નિષ્ફળ ગયું છે તેના કારણે જ કોરોના ચેપગ્રસ્ત દર્દીઓના સગાઓ કાળા બજારીયાઓના હાથે લૂંટાઈ રહ્યા છે.

### રેમડેસિવિર ઈન્જેક્શન અને ફેબીફ્લ્યુ ગોળીનું ધુમ કાળા બજાર

બાયડ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની કામગીરી સામે ગંભીર આક્ષેપ શરૂ થયા છે. તંત્ર કહે છે કે રેમડેસિવિરનો જથ્થો નથી આવ્યો પરંતુ ગત રોજ મોડાસામાં રેમડેસિવિર ઈન્જેક્શન બ્લેકમાં રૂા.૨૨ હજારના ભાવે વેચાયું. બાયડમાં રૂા.૧૭ હજારના ભાવે વેચાઈ રહ્યાં છે. ફેબીફલ્યુ ગોળીનું પણ ધુમ કાળા બજાર થઈ રહ્યું છે. લાગે છે ડ્રગ ઈન્સ્પેકટરોના આંખે મોતિયાં તો નથી આવ્યાં ને..??

## કોરોનાની મહામારીમાં એક નવી આશા

# અરવલ્લી પોલીસે પ્લાઝમા આપવાની તૈયારી દર્શાવી, પોલીસ વડા સહિત ૧૮ પોલીસ કર્મીઓના બ્લડ સેમ્પલ લેવાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

કોરોનાના સંક્રમણમાં પ્લાઝમા થેરાપીથી અનેક દર્દીઓને સાજા કરાયા છે. અરવલ્લી પોલીસ વડા સંજય ખરાત સહિત કેટલાય પોલીસ કર્મીઓ કોરોનાને હરાવીને સ્વસ્થ્ય થયા છે. ત્યારે પોલીસ વડાએ પ્લાઝમા આપવાની તૈયારી દર્શાવી અન્ય પોલીસ કર્મીઓ સાથે મોડાસાની રામાણી બ્લડ બેન્કમાં સેમ્પલ લેવાયા છે અને ટેસ્ટીંગમાં એન્ટી બોડી ડેવલપ થયાનું જણાશે તો તમામ પોલીસ કર્મીઓના બ્લડ મેળવી પ્લાઝમા થેરાપી તરીકે ઉપયોગ કરાશે. કોરોનાની મહામારીમાં અરવલ્લીમાં ટપોટપ દર્દીઓ મોતને ભેટી રહ્યા છે ત્યારે પોલીસ વડા સહિત કર્મીઓની પહેલથી મહામારીમાં દર્દીઓને બચાવવાની એક નવી આશા ઉભી થઈ છે.



અરવલ્લી જિલ્લામાં ઓક્સિજન અને રેમડેસિવિર ઓક્સિજનની અછતથી અનેક દર્દીઓ મોતને ભેટી રહ્યા છે. જરૂરીયાતમંદ દર્દીઓને જરૂરી ઈન્જેકશન આપવાના બદલે તંત્ર બાઈ બાઈ ચારણીના જેમ ગુમાવી રહી છે. જેથી રાજ્ય સરકાર અને ભાજપની છબી ખરાબ થઈ રહી છે. જિલ્લામાં કોરોનાના કારણે મોત સામે જજુમતા અનેક દર્દીઓના દ્રશ્યો જોઈને ખાખી વર્દીમાં રહેલી માનવતા પ્રગટ થઈ છે. પોલીસ વડા પોતે કોરોના સંક્રમણનો ભોગ બન્યા હતા અને તેઓએ પ્લાઝમા ડોનેટ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. રામાણી બ્લડ બેન્કને તેની જાણકારી આપતાં તેમના લોહીમાં એન્ટી બોડી ડેવલપ થાય છે કે કેમ..?? તે જોવા માટે સેમ્પલ લેવામાં આવ્યું હતું. અન્ય પોલીસ કર્મીઓ સહિત કુલ-૨૮ જણના પ્લાઝમા થેરાપી માટે સેમ્પલ લેવાયા છે અને જો તેમાં એન્ટી બોડી ડેવલપ થયું હશે તો અન્ય દર્દીઓ માટે તેનો ઉપયોગ કરી ગંભીર હાલતમાં રહેલા દર્દીઓને બચાવવામાં ઉપયોગમાં લેવાશે.



# હાશ રાહત, સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના નવા ૮૪ પોઝિટિવ કેસ, સંક્રમણ ઘટ્યું

## તલોદ તાલુકામાં ૧૫૭ એક્ટિવ કેસ નોંધાયા

તલોદ, તા.૨૮

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વિસ્ફોટ પછી પ્રજા માટે રાહતના સમાચાર આવ્યા છે. બુધવારે ૮૪ પોઝિટિવ નવા કેસ નોંધાયા છે જે અગાઉ કરતાં દૈનિક ૩૦ થી ૫૦ નો સરેરાશ ઘટાડો નોંધાયો છે. તલોદ તાલુકામાં ૧૫૭ એક્ટિવ કેસ નોંધાયા છે.

સમગ્ર ગુજરાતને કોરોનાની મહામારીએ બાનમાં લીધું છે. હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ઓક્સિજન સહિત જરૂરી દવાઓની અછતથી સરકાર ઉપર પસ્તાળ પડી છે. પ્રજામાં એટલી હદે આક્રોશ છે કે કોઈ નેતા દર્દીના સગાની સામે આવે તો પણ મામલો બિચકી જાય. કોરોનાના સતત વધતા સંક્રમણ વચ્ચે આરોગ્ય વિભાગની કામગીરી રંગ લાવી રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૨૭ એક્ટિવ કેસ નોંધાયા છે અને મૃત્યુ આંક કુલ-૬૪ સુધી પહોંચ્યો છે. જિલ્લામાં પોઝિટિવ કેસમાં હિંમતનગરમાં સૌથી વધુ ૨૦૪૬, ઈડર ૫૭૮, પ્રાંતિજ ૪૨૧, તલોદ ૪૨૦, વડાલી ૧૮૪, ખેડબ્રહ્મા ૧૭૧, પોશીના ૨૬ અને વિજયનગરમાં ૧૨૦ કેસ નોંધાયા છે. સૌથી વધુ મૃત્યુ હિંમતનગર તાલુકામાં ૩૦, ઈડર ૧૧, પ્રાંતિજ-તલોદમાં ૮-૮ મોત નિપજ્યાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

### ઉજેળીયા વૈજનાથ મહાદેવના પુંજારીની તબિયત લથળી

તલોદ : કોરોનાએ દેવમંદિરના મહંતો અને પુંજારીઓને પણ સંક્રમિત કરી દીધા છે. ઉજેળીયા વૈજનાથ મહાદેવના પુંજારીને કોરોનાનું સંક્રમણ થયું છે અને બુધવારે ઓક્સિજન લેવલ ૯૦ થઈ જતાં તેઓ ઓક્સિજનની બોટલ સાથે સરકારી કોવિડ હોસ્પિટલમાં સારવાર માટે પ્રયાસ કરી રહ્યા છે. દર્દીઓને જીવવા માટે પૂરતો ઓક્સિજન મળતો નથી, બેડ નથી, જ્યાં જુઓ ત્યાં જગ્યા નથી..ના જવાબ મળતાં આરોગ્ય વિભાગના આયોજનો ઉપર આંગળીઓ ચિંધાઈ રહી છે.

### બાયડ તાલુકાના પ્રા.શિક્ષકોને તાબડતોબ ચૂંટણી ભથ્થાં ચૂકવાયાં, પ્રા.શિક્ષકોમાં ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

બાયડ તાલુકાના પ્રા.શિક્ષકોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂરી થયાના બે મહિના પછી પણ ચૂંટણી ભથ્થાં ચૂકવાયાં નથી, લૉકડાઉનમાં નવરા બેસી રહેલા અધિકારીઓને ફૂરસદ નથી..તેવા અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયાના ગણતરીના કલાકોમાં શિક્ષકોને તાબડતોબ ચૂંટણી ભથ્થાં મળી જતાં પ્રા.શિક્ષકોમાં ખુશાલી છવાઈ છે.

બાયડ તાલુકા પંચાયત કચેરીમાં મોટાભાગે વહીવટ ખાડે ગયો છે. શિક્ષણ શાખામાં ચાલતી લાલીયાવાડી સામે પ્રા.શિક્ષકોમાં જબ્બર નારાજગી જોવા મળે છે. અહીંયાં શિક્ષકનું કામ જે ૫ મીનીટમાં કરવાનું હોય તે ૨૫ દિવસમાં પણ પુરૂ થતું નથી. એક રીતે શિક્ષકોને યેનકેન પ્રકારે પજવવા અને કોઈ કામ માટે ભલામણ કરાવે તો તેનું કામ ખોરંભે પાડવાની માનસિક્તા ચરમ સીમાએ છે. ગત તા.૨૮ ફેબ્રુઆરીએ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને બાયડ નગરપાલિકાની ચૂંટણી યોજાઈ હતી જેમાં તાલુકાના ૮૦૦ થી વધુ પ્રા.શિક્ષકોને કોરોનાનો કપરો કાળ છતાં ચૂંટણી કામગીરીમાં જોડવામાં આવ્યા. શિક્ષકોએ વિપરીત પરિસ્થિતિમાં કામગીરી કરી પરંતુ તેમને ચૂંટણી ભથ્થાં ચૂકવાતાં ન હતાં કેટલાક પ્રા.શિક્ષકો દ્વારા આ અંગે ગાંધીનગર સમાચારને પોતાની આપવિતિ જણાવી હતી અને સમાચાર પ્રસિદ્ધ થયાના ગણતરીના કલાકોમાં જ બાયડ તાલુકાના પ્રા.શિક્ષકોને ચૂંટણી ભથ્થાં ચૂકવાઈ ગયાં છે. પ્રા.શિક્ષકોએ ગાંધીનગર સમાચારનો જાહેરમાં આભાર માન્યો છે.

# હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ફાયર બ્રિગેડ દ્વારા મોકડ્રીલ યોજાઈ

## આકસ્મિક આગ લાગવાના સંજોગોમાં દર્દીના બચાવ સાથે સ્થળાંતરિત કેવી રીતે કરવું તેની સમજ અપાઇ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૮

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ગતરોજ બુધવારે હિંમતનગરના ફાયર બ્રિગેડની ટીમ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન ફાયર બ્રિગેડની ટીમ દ્વારા હોસ્પિટલના નિરીક્ષણ કરવાની સાથે મોકડ્રિલ યોજવામાં આવી હતી આકસ્મિક સંજોગોમાં ઈલેકટ્રીક આગ લાગે ત્યારે દર્દીનો બચાવ કેવી રીતે કરવો અને કેવી રીતે સ્થળાંતરીત થવું તે અંગે સમજ આપી મોગલી નું




આયોજન કરવામાં આવ્યું હતું ફાયર બ્રિગેડની ટીમ દ્વારા યોજાયેલી મોગલ માં સિવિલ હોસ્પિટલના નર્સ અન્ય કર્મચારીઓ તથા ડોકટરો પણ જોડાયા હતા તેમજ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આકસ્મિક સંજોગોમાં આગ લાગવાની ઘટના માં દર્દીના સ્થળાંતર સાથે સ્વ બચાવ કેવી રીતે કરવો તે અંગે સમજ આપવામાં આવી હતી

ॐ भूर् भुवः स्वः तत् सवितुर् वरेण्यम्।
भर्गो देवस्य धीमहि धीयो यो नः प्रचोदयात्॥



**સ્વ. મનહરભાઈ એસ. પટેલ**
(સંચાલક : ગાયત્રી શક્તિપીઠ-બાયડ)
(યુવા સંગઠન પ્રભારી : ગુજરાત ગાયત્રી પરિવાર)
મહાપ્રયાણ તા.૨૪-૪-૨૦૨૧, શનિવાર
અરજણવાવ, તા.બાયડ

## ગાયત્રી પ્રચારક યુગ શિલ્પીને શ્રદ્ધાંજલિ

ગાયત્રી શક્તિપીઠ-બાયડના સંચાલક, ગુજરાત ગાયત્રી પરિવાર યુવા સંગઠન પ્રભારી, અમદાવાદ ઉપઝોન પ્રભારી
**શ્રી મનહરભાઈ એસ. પટેલ**
તા.૨૪ એપ્રિલ-૨૦૨૧, શનિવારે ગુરૂચરણોમાં વિલિન થયા છે. પોતાનું સમગ્ર જીવન ગુરૂદેવના કાર્યમાં સમર્પણ કરનાર ગાયત્રી પ્રચારક યુગ શિલ્પીને અમો શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

કોરોનાની વર્તમાન પરિસ્થિતિમાં દિવંગત આત્માને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે
Google Meetની લીંક http://meet.google.com/qtevivn-vkc
દ્વારા ઓનલાઈન કાર્યક્રમ
આજે તા.૨૯-૪-૨૦૨૧, ગુરૂવાર ● સાંજે ૩-૪૫ થી ૪-૪૫
(મોબાઈલમાં Google Meet એપ્લીકેશન ડાઉનલોડ હોવી જરૂરી છે)

લી..
**ગાયત્રી શક્તિપીઠ-બાયડ પરિવાર**
**બાયડ-ધનસુરા તાલુકા ગાયત્રી પરિવાર**
બાયડ, જિ.અરવલ્લી